
મોડાસાના ડીપ વિસ્તારની નીલકંઠ સોસાયટીમાં

# ગેસ પાઈપલાઈનના કામથી પાણીની પાઈપલાઈન તૂટી



મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં વિવિધ વિકાસલક્ષી કાર્યો થઈ રહ્યા છે, પણ આડેધડ કામગીરીને પગલે કેટલીય જગ્યાએ પીવાના પાણીની પાઈપ લાઈનો તૂટી જવાની ઘટનાઓ ઘટી રહી છે. મોડાસામાં હાલ ઘેર પાઈપ લાઈનથી ગેસ આપવાની યોજના છે જે અંતર્ગત સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા પાઈપ લાઈન નાંખવાનું કાર્ય ચાલી રહ્યું છે. લોકોને ઘેર પાઈપલાઈનથી ગેસ મળે તે સારી બાબત છે પણ જે રીતે ખોદકામની કામગીરી થઈ રહી છે, જેને કારણે પાણીની પાઈપ લાઈન તૂટવાની ઘટનાઓ બનતા કોન્ટ્રાક્ટરની બેદરકારીના ભોગે નગરજનો પાણી વિના ટળવળવા નો વારો આવતા શહેરમાં આડેધડ ખોદકામ કરતા કોન્ટ્રાક્ટરો સામે નગરપાલિકા તંત્રએ શખ્ત કાર્યવાહી કરવી જોઈએની માંગ પ્રબળ બની છે

લોકસભાની ચૂંટણી પુરી થતા આચારસંહિતા હટતા મોડાસા શહેરમાં વિકાસના કર્યો ધમધમી રહ્યા છે વિકાસના કામોમાં શહેરમાં કોન્ટ્રાક્ટરો પણ ચોમાસા પહેલા કામ પૂર્ણ કરવા માંગતા હોવાથી આડેધડ ખોદકામ કરી રહ્યા છે વિકાસના કામો હાલ તો શહેરીજનો માટે બાધારૂપ બની રહ્યા છે એકબાજુ પાણીની તંગી છે ત્યારે પીવાના પાણીની પાઈપલાઈન માં વારંવાર ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી વેડફાવાની ઘટનાઓ સામાન્ય બની હોય પાણી વગર પ્રજાજનો તરસી રહ્યા છે

મોડાસાના ડીપ વિસ્તારોની સોસાયટીઓમાં હાલ ગેસ પાઈપ લાઈન નાખવાનુ કામ ચાલી રહી છે ત્યારે મોડી સાંજે શહેરની નીલકંઠ સોસાયટીમાં કામકાજ દરમિયાન પાણીની પાઈપ લાઈન તૂટી જવાથી પાણી રોડ પર વહી ગયું હતું. સોસાયટીના ડાબી બાજુની પાઈપ તૂટવાથી પાણી વગર ટળવળતા રહીશોમાં ભારે રોષ ફેલાયો હતો

એક તરફ એંકાંતરે પાણી આવે છે તો બીજી બાજુ આ પ્રકારની સમસ્યાથી હાલાકીઓ તો પ્રજાએ જ ભોગવવી પડી રહી છે.

# ઊંઝા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ

ઊંઝા, તા. ૭

ઉત્તર ગુજરાતમાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા (મીંરાદાતાર) ગામ સહિત સ્થાનિક પોલીસ મથકની હદના કેટલાક ગામોમાં ગુનાખોરી અને અસામાજીક પ્રવૃત્તિઓનું પ્રમાણ વધી જતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોવાનો લોકપોકાર ઉઠ્યો છે.

યાત્રાસ્થળ ઉનાવામાં વધતી જતી વસતિ તેમજ ગુનાખોરીને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે આઉટપોસ્ટના સ્થાને પોલીસ સ્ટેશન કાર્યરત કર્યુ છે. તેમ છતાં સમાજ વિરોધી બદીઓને નેસ્ત નાબુદ કરવામાં તેમજ પ્રજાના જાનમાલના રક્ષણની દિશામાં પોલીસતંત્ર દ્વારા કોઈ અસરકારક પગલાં ભરાતા નથી તેવી લોકફરિયાદો ઉઠી છે. કહે છે કે યાત્રાસ્થળ ઉનાવા અને તેની આસપાસના કેટલાક ગામોમાં દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ તથા અન્ય અસામાજીક બદીઓ અનિયંત્રિતપણે ચાલી રહી છે. પોલીસતંત્ર દ્વારા દારૂ જુગાર અંગે જે કેસો કરાય છે તેમાં મુખ્યત્વે નાના ધંધાર્થીઓ, દારૂડીયાઓ, જુગારીયાઓ ઝડપાય છે. જ્યારે મુખ્ય રીઢા ગુનેગારતત્વો, અસામાજીક પ્રવૃત્તિઓના મુખ્ય સંચાલકોને ખાસ કોઈ આંચ આવતી નથી. આ વિસ્તારમાં દારૂબંધીની નીતિનું ક્રૂર છેદન થઈ રહ્યુ હોય તેમ દેશી વિદેશી દારૂની આયાત અને વેચાણની ચાલતી સમાજ વિરોધી બદીઓ વિશે સ્થાનિક પોલીસને માહિતી છે પરંતુ કહેવાતા તગડા હપ્તાઓના કારણે ખાસ કોઈજ કડક પગલાં ભરાતા નથી. પરિણામે આવી ગેરકાયદે બદીઓને જાણે છૂટો દોર મળી ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હોવાનું કહેવાય છે.

ઉનાવા પોલીસમથકે નોંધાયેલ મિલ્કત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકાના ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓનો ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલો જ રહ્યો છે. યાત્રાસ્થળમાં દરગાહ પાસે તેમજ બજારમાં આડેધડ વાહન પાર્કિંગ, લારીઓને લીધે ટ્રાફિકની વિકટ સમસ્યા પેદા થાય છે. તેમ છતાં યોગ્ય કાર્યવાહી થતી નથી. આ ઉપરાંત નાઈટ પેટ્રોલિંગ પણ બરાબર થતુ નથી તેવુ લોકોમાં બોલાય છે. ઉનાવા પોલીસ મથકમાં ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓ પૈકી મોટાભાગનો સ્ટાફ હેડ ક્વાર્ટરમાં હાજર રહેતા નથી અને પોતાના રહેણાંક સ્થળેથી આવ-જા કરતા હોવાનું ચર્ચાય છે.

# ભિલોડા યુ.જી.વી.સી.એલ. દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી



ભિલોડા, તા.૭

ભિલોડા યુ.જી.વી.સી.એલ. ધ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી સંદર્ભે લોકજાગૃતી અર્થે કર્મચારીઓ ધ્વારા રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.રાજ્ય સરકારના ઉર્જા વિભાગ ધ્વારા તા.૧/૬/૨૦૧૯ થી તા.૮/૬/૨૦૧૯ દરમ્યાન વીજ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત લોકજાગૃતી કેળવવા ભગીરથ પ્રયાસો કર્યા હતા.ભિલોડા કાર્યપાલક ઈજનેર ગીરીશભાઈ ધનુલાના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓએ રેલી સ્વરૂપે પ્રજાજનોને જાગૃત કર્યા હતા.વીજળીના પોલને ભીના હાથે અડવું નહી,ઘરમાં અથવા વિવિધ જગ્યાએ ભીના હાથે લાઈટ કે સ્વીચને અડવું નહી જેવા અનેક સુત્રોચ્ચારો પોકાર્યા હતા. યુ. જી. વી. સી. એલ.ના કર્મચારીઓએ પ્રજાજનોમાં લોકજાગૃતી કેળવવા વિવિધ પ્રકારના પ્રયાસો હાથ ધર્યા હતા.

# મહેસાણા એરફિલ્ડમાં એનસીસીની ફ્લાઈંગ ટ્રેનિંગ





મહેસાણા, તા. ૭

અમદાવાદ ગ્રૂપ હેઠળ નંબર ૨ ગુજરાત એર સ્ક્વૉડ્રન નેશનલ કેડેટ કોર્પ્સે ૭ જૂન, ૨૦૧૯નાં રોજ મહેસાણામાં ફ્લાઈંગ ટ્રેનિંગ શરૂ કરી છે. પ્રથમ ટ્રેનિંગ ફ્લાઈટ વિંગ કમાન્ડર જે એચ માંકડ કમાન્ડિંગ ઓફિસર ૨ ગુજરાત એર સ્ક્વૉડ્રન એનસીસીએ કેડેડ ધ્યેય રાઠોડ સાથે હાથ ધરી હતી. અમદાવાદ એર સ્ક્વૉડ્રનનાં કેડેટ માટે માઈક્રોલાઈટ ફ્લાઈંગની તાલીમ વર્ષ ૨૦૦૩થી વડોદરામાં આપવામાં આવે છે, કારણ કે અમદાવાદમાં એર ટ્રાફિક વધારે ગીચ રહે છે.

એર વિંગનાં તમામ કેડેટ્સ ઝેન એર માઈક્રોલાઈટનો હવાઈ અનુભવ મેળવશે અને પસંદ થશે એ કેડેટ્સ ઓક્ટોબર, ૧૯માં જોધપુરમાં આયોજિત ઓલ ઈન્ડિયા વાયુ સૈનિક કેમ્પમાં એનસીસી ડીટીએનું પ્રતિનિધિત્વ કરશે.

નંબર ૨ ગુજરાત એર સ્ક્વૉડ્રન અમદાવાદની વિવિધ શાળાઓ અને કોલેજો તથા આસપાસનાં વિસ્તારોમાંથી એનસીસી કેડેટ્સને તાલીમ આપે છે, જેમાં માઈક્રોલાઈટ વિમાન પર ઉડાન ભરવાની તાલીમ સામેલ છે.

# માલપુર લેઉવા પાટીદાર સમાજનું ગૌરવ, નીટની પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્કમા ઝળક્યો

મોડાસા, તા. ૭



અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના વાવડી ગામના લેઉવા પટેલ પરિવારમાં જન્મેલા હાલ અમદાવાદમાં સ્થાયી થયેલા પટેલ પ્રવિણભાઈ ડાહ્યાભાઈના સુપુત્ર યશ પટેલે આણંદ જિલ્લાની જય જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી ધોરણ ૧૨ માં બી-ગૃપમાં નીટની પરીક્ષામાં જાહેર થયેલા પરિણામમાં ઓલ ઈન્ડિયા રેન્ક ૭૯૦ સાથે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરીને માતા-પિતા, પરિવાર તેમજ માલપુર લેઉવા પટેલ સમાજને ગૌરવ અપાવ્યું છે.

યશ પટેલનો કેટેગરી રેન્ક ૬૦૭ છે તેણે કુલ ૭૨૦ માર્કસમાંથી ૬૫૪ માર્કસ મેળવી આણંદ જિલ્લામાં પ્રથમ નંબરે અને સમગ્ર રાજ્યમાં ૧૦ માં ક્રમાંક મેળવી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ૯૯.૯૮ પર્સન્ટાઈલ રેન્ક મેળવીને અવ્વલ રહ્યો છે. ત્યારે આશ્ચર્યની બાબત તો એ છે કે ગુજરાતી માધ્યમમાં યશે તન,મન,ધનથી મહેનત કરીને પરિવાર,સમાજ અને સ્કૂલનું ગૌરવ વધાર્યું હતું

# મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી





મોડાસા, તા. ૭

મોડાસાના સબલપુર ખાતેના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં વિશ્વ પર્યાવરણ દિવસની વૃક્ષ વાવી ઉજવણી કરવામાં આવી હતી જેમાં ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પીએસઆઈ શર્મા સાહેબ અને પોલીસ સ્ટાફ સાથે જિલ્લા ૧૮૧ મહિલા અભયમ હેલ્પ લાઈનના કાઉન્સલર ચેતના ચૌધરી ની ટિમેં વિશ્વ પર્યાવરણના દિવસની વૃક્ષ વાવી ને ઉજવણી કરી પર્યાવરણ બચાવવા પોલીસ સ્ટેશન પાસે જામફડી,આંબળા અને આંબાના વૃક્ષના છોડ વાવ્યા હતા,જેમાં ૬ જેટલા વાવેલા વૃક્ષના છોડની માવજત માટે છોડ દીઠ એક કર્મચારી એ જવાબદારી લીધી હતી જેમાં પોલીસ સ્ટેશનના પીએસઆઈ શર્મા સાહેબે પણ વાવેલા એક વૃક્ષના છોડની માવજતની જવાબદારી લઈ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો ના સૂત્રને સાર્થક કર્યું હતું



ગઈકાલે ૫-૬-૨૦૧૯ના રોજ વિશ્વ પર્યાવરણની ઉજવણી લાયન્સ ક્લબ ઓફ પાલનપુર દ્વારા કરવામાં આવી હતી. આ ઉજવણી પાલનપુર ખાતે આવેલા ચમનબાગમાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં બહેનોએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. લાયન્સ કલબ ઓફ પાલનપુરના મેમ્બર્સ આર.ડી. પરમાર, દર્શિલ શાહ, માલતીબેન શાહ, ઝીલ શાહ તથા અન્ય બીજી મહિલાઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દ્વારા લીમડો, આસોપાલવ, ગુલાબ, તુલસી જેવા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. લાયન્સ કલબના મેમ્બર્સની આગેવાની હેઠળ મહિલાઓએ આ વિશ્વ પર્યાવરણ દિવસે સમાજમાં હકારાત્મક સંદેશ આપ્યો હતો.

# ગેપ સંસ્થા અમદાવાદ મોડાસાના સંયુક્ત ઉપક્રમે બાલમુકુંદ યોજના અંતર્ગત શૈક્ષણિક આરોગ્યલક્ષી કીટનુ વિતરણ

મોડાસા, તા. ૭

સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં એચઆઈવી ગ્રસ્ત લોકો અને બાળકો માટે કામ કરતી સંસ્થા દ્વારા છેલ્લા કેટલાય સમયથી સામાજિક સંસ્થાઓ અને લોકો સાથે મળી લોકોને મદદરૂપ થવા માટે વિવિધ કાર્યક્રમો કરી રહી છે જેમાં કેટલાક વર્ષોથી બાલ મુકુંદ યોજના છે જેમાં આવા બાળકોને શારીરિક રીતે મદદરૂપ થવાય શૈક્ષણિક રીતે મદદરૂપ થવા માટે સામાજિક સંસ્થાઓ સાથે મળી આરોગ્યલક્ષી શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવે છે વેકેશન પૂરું થતાં ગેપ સંસ્થા સામાજિક કાર્યકરો સાથે મળી બાળકોને શિક્ષણ આરોગ્ય લક્ષી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં અરવલ્લી જિલ્લાના આસપાસ રહેતા બાળકોને કીટ આપી હતી .આ કાર્યક્રમમાં કોલેજીયન યુવાન મીત પંડ્યા પોતાનો જન્મદિવસ



આ બાળકો સાથે ઉજવણી કરી હતી અને પોતે વિદેશ અભ્યાસ અર્થે જવાનું હોય તો પણ દર વર્ષે આ સંસ્થા બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરશે તેવું જણાવ્યું હતું આ કાર્યક્રમમાં સામાજિક કાર્યકર નિલેશ જોષી .અતુલ પંડ્યા બાળકોને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમનું સફળ સંચાલન

ગેપ સંસ્થાના જોગિંદર ઉપાધ્યાય, દલવાડી સાહેબ, અલ્પેશ ઉપાધ્યાયે ભારે જહેમત ઉઠાવી હતી

# વડગામના વરસડા ખાતે આયુષ્યમાન ભારત અંતર્ગત મેડીકલ કેમ્પ યોજાયો

વડગામ

વડગામ તાલુકા ના નાંદોત્રા માં આવેલૉરષ્ઠ દ્વારા વરસડા ગામે આયુષ્યમાન ભારત અંતર્ગત મેડિકલ ચેકઅપના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પમાં જુદા જુદા રોગો નુ સારવાર અને અને માર્ગદર્શન ડોક્ટર નરેન્દ્ર ભાઈ ચૌધરી દ્વારા આપવામાં આવ્યું હતું. આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં લેબોરેટરી ની તપાસ કામગીરી પીડી ગુજર, એન જી ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. કેમ્પમાં ૮૦ કરતા વધુ દર્દીઓએ પોતાની તપાસ કરાવી હતી જેમાંથી ૧૫ જેટલા દર્દીઓને વધુ સારવાર માટે નનોદોતરા પીએચસી ખાતે મોકલવામાં આવ્યા હતા જો ડોક્ટર પ્રકાશભાઈ ચૌધરી મેડિકલ ઓફિસર દ્વારા



વધુ સારવાર કરવામાં આવી હતી. આ મેડિકલ કેમ્પમાં ડોક્ટર સંજય શાહ, ડોક્ટર મુકેશભાઈ ત્રિવેદી, તાલુકા આરોગ્ય અધિકારી ડી.બી મહેતા સહીત ડોક્ટરો એ હાજર રહી આવેલા દર્દીઓને વિવિધ રોગો વિશે અને તેની જાણકારી ની માહિતી આપી હતી.

# વડગામ બ્લોક હેલ્થ કચેરી ખાતે ભુવા અને ધર્મગુરુઓની મિટિંગ યોજાઈ

વડગામ

વડગામમાં આવેલી બ્લોક હેલ્થ કચેરી ખાતે તાલુકા આરોગ્ય



અધિકારી ડોક્ટર ડી.બી. મહેતાની અધ્યક્ષસ્થાને તાલુકાના વિવિધ ગામોના ભુવાઓ અને ધર્મગુરુઓની હાજરીમાં એક મીટીંગ યોજાઈ હતી.

જેમાં લોકોમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને ગેરમાન્યતા દૂર કરી તમામ લોકો આરોગ્યની સેવાઓ નો લાભ લે અને નાના બાળકોમાં ન્યુમોનિયા જેવી બિમારીમા જે ડામ આપવાનું દુષણ છે તે કાયમ માટે દૂર થાય તેવી સમજણ સાથેની માહિતી ડોક્ટર વડગામ બ્લોક ના ઈન્ચાર્જ ટી. એચ. ઓ. ડી. બી. મહેતાએ આપી હતી. વધુમાં બાળ મરણ ઘટાડવા માટે લોકોમાં ખોટી અંધશ્રદ્ધામાં ના આવે અને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લે તે માટે આવેલા તાલુકાના ગામોમાંથી ભુવાઓ અને ધર્મગુરુઓને જિલ્લા આઈ.ઈ.સી ઓફિસર એચ એલ ચૌધરી, કે.ડી રાજપુત, ડોક્ટર આદિસ કુમાર સહિત ડોક્ટરોએ આવેલા ભુવાઓ અને ધર્મગુરુઓને માર્ગદર્શન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એમ.એમ ડોડીયા અને એચ આર જોશી તાલુકા સુપરવાઈઝર દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોડાસામાં યુજીવીસીએલ દ્વારા વીજ સલામતી રેલી અને અકસ્માત જાગૃતિ રેલી યોજાઈ



મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં યુ.જી.વી.સી.એલ કચેરીના મુખ્ય ઈજનેર વી.એચ.સોલંકીના માર્ગદર્શન હઠળ કચેરીના ઈજનેર,અધિકારીઓ, કર્મચારીઓ અને હેલ્પરોએ વીજ જનજાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું વીજ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી જનજાગૃતિ રેલી યુજીવીસીએલ કચેરી થી ચાર રસ્તા, બસ સ્ટેન્ડ સહીત મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં રેલી દ્વારા જનજાગૃતિ ફેલાવતા બેનર પ્રદર્શિત કરી પ્રજાજનોને વીજ સલામતી તેમજ વીજ અકસ્માત નિવારવા અંગે સંદેશો આપ્યો હતો

# વડગામ તાલુકાના ટીબાચૂડી ગામમાં સરપંચની પેટા ચૂંટણીમાં બિનહરીફ વરણી

## સામાન્ય મહિલા બેઠક હોવા છતાં અનુસૂચિત જાતિની મહીલાની બિન હરીફ વરણી કરાઈ

વડગામ તાલુકાના ટીબાચૂડી ગામમાં સામાન્ય બેઠક ઉપરથી ચુંટાયેલ મહીલા સરપંચ ને અઢી વર્ષ જેટલા સમય ગાળા દરમિયાન માં જ રાજીનામું આપી દેતાં ટીમ્બાચુડી ગામમાં પેટા ચૂંટણી માટેની નોબત આવી હતી.

જેને લઈને તંત્ર ને પેટા ચૂંટણી યોજવા ની ફરજ પડતાં. સરપંચ માટે નું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું હતું ગામોમાં થી ત્રણ મહિલાઓ ના ઉમેદવારી ફોર્મ પણ ભરાયાં હતાં. પરંતુ આખરે ગામના આગેવાનોએ એકત્રિત બનીને ગ્રામજનો ને સમજાવી ને ગામલોકોની એકતા જળવાઈ રહે તેવા આશયથી ગામમાં સરપંચ ની પેટાચૂંટણી બિનહરીફ કરવા પ્રયત્નો કરાયા હતા અને આગેવાનો ની મહેનત રંગ લાવી હતી અને એમાંય મહીલા સરપંચ માટે ની બેઠક સામાન્ય હોવા છતાં પણ સરપંચની પેટા ચૂંટણીમાં દલીત મહિલા નામે પરમાર ગીતાબેન અમરતભાઈ ની બિનહરીફ સરપંચ પદે વરણી કરીને ગામોમાં ભાઈચારા સાથે ગામની એકતાના દર્શન કરાવ્યા હતા અને અન્ય ગામો માટે ઉદાહરણ પૂરું પાડ્યું હતું જેને લઈ સમગ્ર ગામમાં માં ખુશીની લહેર ફરી વળી હતી.અને નવા બનેલા સરપંચ એ ગ્રામજનોનો અને સરકારી અધિકારીઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.